દાખલ તારીખ : ૧૩–૦૬–૨૦૨૨
રજીસ્ટર તારીખ : ૧૩–૦૬–૨૦૨૨
ફેસલ તારીખ : ૩૦–૧૨–૨૦૨૨
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૦–૦૬–૧૭

ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ,

મું. ધોરાજી.

ફોજદારી કેસ નં.૭૮૪/૨૦૨૨

આંક– ૨ ૧

ફરીયાદીઃ– રાજેન્દ્રસિંહ મઠાણસંગ વાઘેલા,
રહે.ભાડેર, તા.ધોરાજી.

વિરૂધ્ધ

આરોપીઃ– રાજ ટ્રેડર્સના પ્રોપરાઈટર,
રાજેશભાઈ નાથાભાઈ ચૌહાણ,
રહે. સાંઈ મંદીરવાળી શેરી, આકાશ ગંગા–૨, ૫૩/૨,
મધુરમ(શાકભાજીવાળા), રે. જુનાગઢ.

બાબત:– વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૮ અન્વયે

==
ફરીયાદ પક્ષેઃ– વિદ્વાન વકીલશ્રી એમ. બી. હેસીચા.
આરોપી પક્ષેઃ– વિદ્વાન વકીલશ્રી એચ. પી. માલવી.
==

–:: ચુ કા દો ::–

(૧) આ કામના ફરીયાદીએ અત્રેની અદાલતમાં તા.૩૧.૦૫.૨૦૨૨ ૧૩.૦૬.૨૦૨૨ ના રોજ આરોપી સામે વટાઉખત અધિનિયમની, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબની ખાનગી ફરીયાદ આપતાં વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું કોન્ગીઝન્સ લેવામાં આવેલ અને ફરીયાદ તા.૧૩.૦૬.૨૦૨૨ ના રોજ રજીસ્ટરે નોંધી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૪ મુજબનો સમન્સ કરવામાં આવેલો તે રીતે ઈન્સાફી કાર્યવાહી ઉત્પન્ન થયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ધોરાજી

તાલુકાના ભાડેર ગામે રહે છે અને ખેતી તથા શાકભાજીનો ધંધો કરે છે. આરોપી જુનાગઢ મુકામે રાજ ટ્રેડર્સ પ્રોપરાઈટર તરીકે શાકભાજીનો ધંધો કરે છે. આરોપીને અને ફરીયાદીને ઘણા સમયથી મીત્રતાનો સંબંધ ધરાવતા જે સંબંધ અને મીત્રતાના નાતે અવારનવાર આવતા અને આરોપીને જુનાગઢ મુકામે શાકભાજીનો ધંધો કરવા માટે નાણાકીય જરૂરીયાત પડતા આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) લીધેલા અને તેના બદલામાં આરોપીએ ફરીયાદીને આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, જુનાગઢ શાખાનો ચેક નં.૫૧૨૯૦૩ નો રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નો તા.૨૦.૦૪.૨૦૨૨ ના રોજનો ખાતા નં. ૦૩૦૮૦૫૦૦૧૪૩૫ ના રાજ ટ્રેડર્સના પ્રોપરાઈચર તરીકે લખી, ચેકમાં બંન્ને બાજુએ રાજેશ એન ચૌહાણના નામની સહી કરી અને ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે, તેઓએ લખી આપેલ ચેક બેન્કમાં નાખશો એટલે ફરીયાદીને હાથ ઉછીની લેણી રકમ વસુલ મળી જશે.

વધુમાં, આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ તા.૨૦.૦૪.૨૦૨૨ ના રોજ ધી રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો ઓપરેટીવ બેંક, વાડોદર શાખામાં જમા કરાવતા "એકાઉન્ટ ક્લોઝડ"ના શેરા સાથે વગર વસુલાતે પરત આપેલ છે. આમ કરી આરોપીએ ફરીયાદીએ આરોપી ઉપર મુકેલ વિશ્વાસ અને ભરોષાનો ભંગ કરેલ .

ફરીયાદીએ આરોપીને તા.૦૪.૦૫.૨૦૨૨ ના રોજ વકીલશ્રી મારફતે આરોપીના સરનામે નોટીસ આપેલ. જે નોટીસ આરોપીને બજી જવા છતાં નોટીસ મુજબ અમલ કરવા કે ફરીયાદીની લેણી રકમ વસુલ આપવા દરકાર કે પરવા કરેલ નહી. જેથી, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો ગુનો આચરેલ હોય ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૩) ઉપરોક્ત ફરીયાદ રજીસ્ટરે લઈ આ કામના આરોપીને સમન્સ ઈસ્યુ કરતા સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે. આરોપીને ફરીયાદની તેમજ ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવા પર આધાર રાખેલ છે તે દસ્તાવેજી પુરાવાની નકલ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ મુજબ વિના મુલ્યે આપ્યાની ખાતરી કરી આંક-૦૯ થી આરોપીની પ્લી

નોંધતા આરોપીએ આક્ષેપિત ગુનાની કબુલાત ન કરતા આ કામ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષે પોતાના કેસ પુરવાર કરવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

અનુ.નં.	**વિગત**	**આંક**
૧.	ફરીયાદી રાજેન્દ્રસિંહ મહાણસંગ વાઘેલાનું સરતપાસનું સોગંદનામુ	૦૫

દસ્તાવેજી પુરાવો:–

અ.નં.	વિગત	આંક
૧.	આરોપીએ ફરીયાદીને આપેલ અસલ તકરારી ચેક	૧૨
૨.	ફરીયાદીએ ચેક બેંકમાં જમા કરાવ્યાની સ્લીપ	૧૩
૩.	અસલ ચેક રિટર્ન મેમો	૧૪
૪.	ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી મારફત આરોપીને આપેલ વૈધાનિક નોટીસ	૧૫
૫.	આરોપીને નોટીસ રજી.એ.ડી.થી મોકલ્યાની પાવતી	૧૬
૬	આરોપીને નોટીસ મળી ગયા અંગેનો પોષ્ટનો ટ્રેક રીપોર્ટ	૧૭

(૫) અત્રે એ હકીકત ઉલ્લેખનીય છે કે, હાલના કામે આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ કરવા સારુ વારંવાર તક આપવા છતાં ફરીયાદીની ઉલટ તપાસ કરવા હાજર ન રહેતા ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક આંક–૧૮ થી રજુ અરજી લગત હુકમ કરી બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદીનો પુરાવો પૂર્ણ જાહેર થયા બાદ સદર કામ આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવા સારૂ વારંવાર મુલતવી રાખેલ. પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નહી કે કોઈ અરજી પણ રજુ કરવામાં આવેલ નહીં, જેથી આરોપીનો સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયે વધારાના નિવેદનનો ખુલાસો રજુ કરવાનો હક્ક આંક–૨૦ થી રજુ લગત

તા.૧૫.૧૧.૨૦૨૨ ના રોજ હુકમ કરી બંધ કરવામાં આવેલ અને તે બાદ ફરીયાદપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ. જ્યારે આરોપી તરફે દલીલ કરવા વારંવાર મુલતવી રાખવા છતા આરોપી તરફે કોઈ દલીલ કરવા હાજર ન રહેતા તેમનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૬) સદર કામે ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, ફરીયાદીએ આરોપીને રકમ આપેલ જે પૈકી રૂ.૫૦,૦૦૦/-(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નો ચેક આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, જુનાગઢ શાખાનો ખાતા નં. ૦૩૦૮૦૫૦૦૧૪૩૫ નો ચેક નં.૫૧૨૯૦૩ નો તા.૨૦.૦૪.૨૦૨૨ નો આપેલ જે ચેક ફરીયાદીએ તેમની બેન્કમાં વટાવવા નાંખતા "એકાઉન્ટ ક્લોઝડ"ના શેરા સાથે વિના સ્વીકારાયે પરત ફરેલો?

(૨) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, ફરીયાદીએ તેમના વકીલ મારફતે આરોપીને તા.૦૪.૦૫.૨૦૨૨ ના રોજ નોટીસ આપેલ જે આરોપીને બજી ગયેલ તેમ છતાં નોટીસ મુજબ અમલ કરેલ નહી, વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૩) શું બચાવપક્ષ વટાઉખત અધિનિયમ,૧૮૮૧ની કલમ-૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરી શકેલ છે?

(૪) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

-: કા ર ણો :-

મુદ્દા નં.૧ થી ૩ની સંયુક્ત ચર્ચા-

(૮) ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે, ત્યારે આરોપી સામેના આક્ષેપિત ગુના સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવા ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતા.

૩. ચેક જે તારીખે લખેલ હતા તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ/એકાઉન્ટ કલોઝડના કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતિ મળ્યા બાદ ફરીયાદી દ્વારા ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને મોકલવામાં આવેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેક મુજબના નાણાં પંદર દિવસની સમયમર્યાદામાં ચુકવી આપેલા નથી.

વધુમાં વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે, વિરુધ્ધનું પુરવાર ન થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આ અનુમાન ખંડન કરવાના બોજા આરોપીના શિરે છે.

(૯) આ કામે ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા માટે ફરીયાદીએ સદર એક્ટની કલમ–૧૪૫(૧) અન્વયે ફરીયાદની હકીકતોને સમર્થનકારક પુરાવાનું આંક–**૦૫** થી સોગંદનામુ રજુ કરી આરોપીએ કાયદેસરના દેવા પેટે ચેક આપેલાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે.

ફરીયાદીના આંક–**૦૫** થી રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા જોવામાં આવે તો ફરીયાદીના પુરાવામાં જણાવ્યા મુજબ ફરીયાદી પાસેથી આરોપીએ રૂા.૫૦,૦૦૦/–(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) લીધેલ. જે પૈકી આરોપીએ પરત ચુકવવા માટે રૂ.૫૦,૦૦૦/–(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નો ચેક આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, જુનાગઢ શાખાનો ખાતા નં. ૦૩૦૮૦૫૦૦૧૪૩૫ નો ચેક નં.૫૧૨૯૦૩ નો તા.૨૦.૦૪.૨૦૨૨ નો આપેલ. જે ચેક ફરીયાદીએ તેમની બેન્કમાં વટાવવા નાંખતા “એકાઉન્ટ ક્લોઝ્ડ”ના શેરા સાથે વિના સ્વીકારાયે પરત ફરતા ફરીયાદીએ તેમના વકીલ મારફતે આરોપીને તા.૦૪.૦૫.૨૦૨૨ ના રોજ નોટીસ આપેલ જે આરોપીને બજી ગયેલ તેમ છતા આરોપીએ લખી આપેલ ચેકના નાણાં વસુલ અપાવવા દરકાર કે પરવા કરેલ નથી.

વધુમાં, વટાઉખત અધિનિયમની કલમ–૧૩૯નું અનુમાન ધ્યાને લેતા આરોપી દ્વારા જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કાયદેસરના દેવાની ભરપાઇ કરવા અથવા તો કોઈ જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવાનું રહે છે. આરોપીની ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ મુજબ પ્લી રેકર્ડ કરતા તેઓએ ગુનો કબુલ ન હોવાનું જણાવેલ છે ત્યારે તેવા સંજોગોમાં વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૯ મુજબ વાદગ્રસ્ત તકરારી ચેક કાયદેસરના લોન પેટે આપેલ ન હતો અગર કોઈ કાયદેસરનું દેવુ ન હતું તેવી હકીકતો વ્યાજબી સુસંગત પુરાવાથી તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે છે. પરંતુ હાલના કામે આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવા સારુ વારંવાર તક આપવા છતાં ઉલટતપાસ કરેલ નથી અને આરોપી તથા આરોપીના વિ.વ.શ્રી હાજર ન રહેતા ફરીયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આટલા લાંબા સમય સુધી આરોપી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહેલ નથી. આમ, ફરીયાદીને વટાઉ ખત અધિનિયમની કલમ–૧૪૫(૧) મુજબનું મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરી સમગ્ર ફરીયાદ હકીકત પુરવાર કરેલ છે જે હકીકતો તથા પુરાવાઓનું ખંડન કરવા સારૂ બચાવપક્ષને પુરતી તક્ક આપવા છતાં તેમજ હક્ક બંધ કર્યા બાદ પણ બચાવપક્ષે વિ.વ.શ્રી તથા આરોપી હાજર ન

રહીને ફરીયાદપક્ષે રજુ પુરાવાને પડકારેલ નથી.

આમ, ઉપરોક્ત કાયદાકીય પ્રસ્થાપિત મૂલ્યાંકનની પૃષ્ઠભૂમિમાં હાલના કેસના પુરાવાને મુલવાનો રહે છે. હાલના કામે ફરીયાદીએ જણાવ્યા મુજબ આરોપીએ રૂા.૫૦,૦૦૦/–(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) હાથ ઉછીના લીધેલ. જે પૈકી આરોપીએ પરત ચુકવવા માટે રૂ.૫૦,૦૦૦/–(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નો ચેક આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, જુનાગઢ શાખાનો ખાતા નં. ૦૩૦૮૦૫૦૦૧૪૩૫ નો ચેક નં.૫૧૨૯૦૩ નો તા.૨૦.૦૪.૨૦૨૨ નો આપેલ. જે ચેક આંક–૧૨ થી રજુ છે. જે ચેક ફરીયાદીએ આંક–૧૩ થી રજુ કાઉન્ટર ફોઈલ જોતા તા.૨૦.૦૪.૨૦૨૨ ના રોજ તેમની બેન્કમાં વટાવવા નાંખતા, આંક–૧૪ થી રજુ બેન્કનો રીટર્ન મેમો જોતા તે તા.૨૦.૦૪.૨૦૨૨ ના રોજનો રજુ કરતા "એકાઉન્ટ ક્લોઝ્ડ" ના શેરા સાથે વિના સ્વીકારાયે તા.૨૨.૦૪.૨૦૨૨ ના રોજ પરત થયેલ છે અને તે બાબતની આરોપીને લીગલ નોટીસ આપેલ જે આંક– ૧૫ થી રજુ છે તે તા. ૦૪.૦૫.૨૦૨૨ ના રોજની નોટીસ, ફરીયાદીએ આરોપીને આંક–૧૬ થી રજુ પોસ્ટની રસીદ મુજબ આર.પી.એ.ડી.થી આપેલ છે. આંક–૧૭ થી રજુ પોસ્ટના ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ મુજબ આરોપીને તા.૦૬.૦૫.૨૦૨૨ ના રોજ નોટીસ બજી ગયેલ છે. આમ આરોપીને ફરીયાદીને આપેલ કાનુની નોટીસ બજી ગયાનું પુરવાર થાય છે. તેમ છતાં આરોપીએ સદર રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી તે તમામ હકીકત ફરીયાદીએ આંક–૫ના સોગંદનામામાં જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસ કરી ફરીયાદીએ જણાવેલ હકીકતને આરોપીએ પડકારેલ નથી કે વિરુધ્ધની કોઇ હકીકત રેકર્ડ પર લાવેલ નથી. જેથી સદર હકીકત નહી માનવા માટે કોઇ સંભાવના આરોપી તરફે ઉભી કરવામાં આવેલ નથી. બાકીની રકમની ચુકવણી અર્થે હાલના સવાલવાળો ચેક આરોપીએ ફરીયાદીને તેઓની સહી કરી આપેલ હોવાનું પક્ષનિવેદન આ કામે રજુ છે. આમ, ફરીયાદપક્ષે વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયેના અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવા જેટલો સંતોષકારક અને સબળ પુરાવો રજુ રાખેલ હોવાનું અત્રેની અદાલતનું માનવું છે. આ સંજોગોમાં જયારે કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ના અનુમાનનો લાભ ફરીયાદપક્ષને

મળવાપાત્ર ઠરતો હોઈ ત્યારે આરોપીપક્ષની જવાબદારી રહે છે કે, સદર અનુમાનનું ફરીયાદીની ઉલટતપાસ દ્વારા કે યથાપ્રસંગ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ અન્વયેના નિવેદન મારફતે પુરાવો રજુ રાખી સદર બંને અનુમાનની જોગવાઈનું સામાન્ય સમજદારી ધરાવનાર ઈસમ માની શકે તે રીતે ખંડન કરે. હાલના કેસમાં આરોપીએ હાજર રહી તેઓના જવાબ પ્લીથી ગુન્હાની ઈન્કારીયત કરેલ છે અને તે રીતે ગુન્હા સબબ ઈન્સાફી કાર્યવાહીને આમંત્રિત કરેલ છે. ત્યારબાદ આરોપીને ઉલટતપાસ કરવા વારંવાર તક આપેલ પરંતુ ઉલટતપાસ ન કરતા ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ અને ત્યાર પછીની મુદ્દતે પણ આરોપી હાજર રહેલ નથી કે કોઈ અરજી રજુઆત પણ કરવામાં આવેલ નથી. જેથી આરોપીએ ઈરાદાપૂર્વક ન્યાયીક પ્રક્રીયાથી અલિપ્ત થવાનો પ્રયત્ન કરી ઈન્સાફી કાર્યવાહીમાં હાજર રહેવાનું ટાળેલ છે.

(૧૦) સામાન્ય રીતે ફોજદારી કાર્યવાહી આરોપીની હાજરીમાં ચલાવવાની રહે છે. પરંતુ સદર કામે આરોપીની વર્તણુક ધ્યાને લેતા આરોપી પ્લીના સ્ટેજે હાજર રહી ગુના કબુલાતનો ઈનકાર કરી મુદ્દતોની માંગણી કરેલ, પરંતુ ત્યારબાદ મુદ્દતે આરોપી હાજર રહેલ નથી અને તેમ કરી કામ વોરંટના સ્ટેજે લઈ જઈને ઈરાદાપુર્વક ટ્રાયલને વિલંબમાં રાખવાનો પ્રયાસ આરોપી દ્વારા કરવામાં આવેલ છે ત્યારે આરોપીના તેવા ગેરકાયદેસરના કૃત્યને કારણે કેસની કાર્યવાહી મોકુફ રાખી શકાય નહી. નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્ટેટ ઓફ ગુજરાત વિ.નરુભાઈ અમરાભાઈ ચુનારાના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"(૩) Now, ordinarily, a matter cannot be said to be ready to be placed on the final hearing board till the date concerned accused against whom it is admitted is duly served and appears before the Court either personally or through his learned advocate. To this ordinary practice, one just and legal exception is carved out where the respondent when found to be absconding, and ultimately declared to be so by this courts there is indeed no question of serving any other notice upon him and matter

can be said to be or deemed to be ready for all purposed. When accused in one breath with manifest intention avoids service of notice upon him and successfully manages to do so, he in his second breath cannot be subsequently permitted to say that the appeal against him cannot be heard in his absence when he was not duly served... no person can be permitted to earn benefit out of his double standards own wrong. In fact, under such circumstances not to enlist this appeal on the final hearing board, would be to indirectly play in the hands of some tricky, scheming, mischievous respondent− accused who is always and quite obviously and out and out interested in seeing that the matter does not reach the final hearing and thereby successfully avoid final judgment for quite some indefinite time passed. Against him apprehending that acquittal order if quashed and set a side, he would be at once convicted and sentenced for the alleged offence and accordingly forwarded to jail to serve out the imprisonment. Such deliberately created mischievous situations where in accused illegally has the upper hand is simply not permissible and cannot to countenanced that lightly. The principle of hearing the accused before any order of conviction and sentence is recorded against him cannot be permitted to be abused and stretched to such an illogical and absurd extent where he can bring the administration of justice to the grinding halt at his whims and caprice avoiding the notice to be served upon him keeping the court at a safe distance, ultimately taking advantage of his own illegal absconsion."

આમ, નામદાર હાઇકોર્ટનો ઉપરોકત ચુકાદો અપીલના કામનો છે. તે ચુકાદામાં પ્રતિપાદિત કરેલા સિધ્ધાંતો હાલના કેસની કાર્યવાહીને પણ લાગુ પડતુ હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવુ છે. કારણ કે, હાલના કેસમાં પણ આરોપીને સમન્સ બજતા હાજર થાય છે અને પ્લી રેકર્ડ કરી પુરાવાના સ્ટેજ સુધી હાજર રહે છે. પરંતુ જ્યારે ટ્રાયલનું કામ ફરીયાદીની ઉલટતપાસનું સ્ટેજ આવેલ ત્યારે ઈરાદાપુર્વક ન્યાયિક કાર્યવાહી વિલંબિત કરવાના હેતુસર ગેરહાજર રહે છે. ગેરહાજરી સબબ કોઇ રીપોર્ટ પણ રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી. ત્યારે તેવા સંજોગોમાં સ્પષ્ટપણે આરોપી ઈરાદા પુર્વક કેસને વિલંબમાં નાંખવાના હેતુસર ગેરહાજર રહેતા આવેલાનું માનવાને પુરતુ અને વ્યાજબી કારણ જણાઈ આવે છે, ત્યારે તેવા સંજોગોમાં આરોપીના તેવા ઈરાદાપુર્વકના મનસ્વી પ્રકારના કૃત્યને કારણ અનંતકાળ સુધી કાર્યવાહી અટકાવી આરોપીને કાયદો હાથમાં લેવા દઈ શકાય નહી. આરોપીની ફરજ છે કે, મુદ્દતે કોર્ટમાં હાજર રહે અને ન્યાયિક કાર્યવાહીમાં સત્ય શોધવામાં મદદરૂપ થાય અને આરોપી તરફેના વિ.વ.શ્રી પણ સત્ય શોધવામાં સહકાર આપે, પરંતુ આરોપીની વર્તણુક તદ્દન અયોગ્ય અને વિરૂધ્ધની રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

(૧૧) ઉપરોક્ત ચર્ચા કરેલ રેકર્ડ ઉપરના પુરાવાથી આ કામના આરોપીએ ફરીયાદવાળો ચેક આંક– ૧૨ થી રજુ છે તે ફરીયાદીને તા.૨૦.૦૪.૨૦૨૨ ના રોજનો આપેલ હોવાનું ફલિત થાય છે અને તે ચેક બેન્કમાં આંક–૧૪ થી રજુ બેન્કનો રીટર્ન મેમો જોતા તે તા.૨૦.૦૪.૨૦૨૨ ના રોજનો રજુ કરતા "એકાઉન્ટ ક્લોઝ્ડ" ના શેરા સાથે તા.૨૧.૦૪.૨૦૨૨ ના રોજ પરત થયેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે આરોપીને આર.પી.એડી.થી નોટીસ મોકલવામાં આવતા તે નોટીસ આગળ ચર્ચા કર્યા મુજબ આરોપીને બજી ગયેલ છે. ત્યારબાદ ફરીયાદીએ હાલની ફરીયાદ એન.આઈ.એક્ટની કલમ– ૧૪૨ મુજબ મુકરર એક માસની સમયમર્યાદામાં તા.૩૧.૦૫.૨૦૨૨ ના રોજ દાખલ કરેલ છે. વધુમાં, વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૮ના જે જે તત્વો છે તે વંચાણે લેતાં પણ તેવા તમામ તત્વો પ્રથમ દર્શનીય રીતે સંતોષકારક રીતે એટલે કે અનુમાનને ફરીયાદપક્ષની તરફેણમાં આકર્ષી શકાય તે રીતે પુરવાર થયેલું માની શકાય તેમ છે. જેથી સ્પષ્ટ રીતે આરોપીએ વટાઉ ખત અધિનિયમની કલમ–

૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું ફલિત થતુ હોય મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય **"હકાર"** ઠરાવુ છુ. જ્યારે ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ આરોપી પુરાવાનું ખંડન કરી તેઓનો બચાવ કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૩નો જવાબ **"નકાર"**માં ઠરાવુ છું. અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે. આમ, સમગ્ર હકીકત, રેકર્ડ, પુરાવો, કાયદાની જોગવાઇઓ વિગેરે ધ્યાને લેતા આ કામના આરોપીએ વટાઉ ખત અધિનિયમની કલમ- ૧૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરે છે તેવુ પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૩ના નિર્ણય અન્વયે ઉપરોકત ચર્ચા, રેકર્ડ, રજુઆતો, નામ. સવોચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો વિગેરે ધ્યાને લેતા મુદ્દા નં.૩ પરત્વે આરોપીને વટાઉખત અધિનિયમની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવુ છું.

<u>મુદ્દા નં-૪ ની ચર્ચાઃ-</u>

(૧૨) હાલ, ન્યાયતંત્ર વટાઉ ખત અધિનિયમની કલમ-૧૩૮ અન્વયેની માતબર સંખ્યાની ફરીયાદના ભારણ નીચે છે અને અત્રેની અદાલત નિર્ણયાધીન તમામ વટાઉ ખત અધિનિયમની કલમ-૧૩૮ અન્વયેની ફરીયાદને ન્યાયનિર્ણય સમયમર્યાદામાં કરવા નિશ્ચિત છે. આરોપીને અમર્યાદિત સમય સુધી હાજર રહેવા તથા ઈન્સાફી કાર્યવાહીમાં મદદરૂપ થાય તેની રાહ જોવામાં વધુ સમય ફાળવી શકે તેમ નથી અને તે મુજબ અનિશ્ચિત સમય સુધી આરોપીની રાહ જોઇને ઈન્સાફી કાર્યવાહી અમર્યાદિત સમય સુધી પેન્ડીંગ નિર્ણયાધીન રાખવામાં આવે તો કાયદાના હેતુ અને હાર્દ સુધી પહોંચી શકાય નહી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. ચુકાદાના તબક્કે આરોપી ગેરહાજર રહે તે સંજોગોમાં અદાલત પાસે બે વિકલ્પ રહે છે. અદાલત સજા અંગેનો ચુકાદો જાહેર કરતા પુર્વે આરોપી વિરુધ્ધ પક્કડ વોરંટ જારી કરી શકે છે અથવા આરોપીની ગેરહાજરીમાં સજા અંગેનો ચુકાદો સંભળાવી આરોપી વિરુધ્ધ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૧૮(૨) અન્વયે પક્કડ વોરંટ જારી કરી શકે. હાલના કિસ્સામાં આરોપીએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ગેરહાજર રહી અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૧૮(૨) અંગેનો ઉપચાર પસંદ કરવા પ્રેરેલ છે.

હવે સજા બાબતે આરોપીને સાંભળવા જરૂરી છે કે કેમ તે અંગે વિચારણા કરવાની રહે છે તો મેજીસ્ટ્રેટ દ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૫(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે આરોપીને સજા માટે સાંભળવાની કોઇ જોગવાઇ નથી. આ તબક્કે એ નોંધવુ પણ જરૂરી છે કે વટાઉ ખત અધિનિયમ એ સ્પેશ્યલ એક્ટ છે, જેનો હેતુ વ્યાપારીક આલમમાં અને નાણાંકીય વ્યવહારોમાં પારદર્શકતા લાવી નાણાંકીય વ્યવહારોમાં વિશ્વસનીયતા ટકાવી રાખવાનો છે.હાલમાં દેશ ઝડપથી નાણાંકીય વ્યવહારમાં પારદર્શકતા લાવવાની દિશામાં જઇ રહ્યો છે. ત્યારે નાણાંકીય ક્ષેત્રમાં ચેકની વિશ્વસનીયતા જળવાઇ રહે તે ઘણી જરૂરી અને આવશ્યક છે. આ તબક્કે એ પણ નોંધવુ જરૂરી છે કે આ પ્રકારના કેસો શક્ય તેટલી ઝડપથી ચલાવી પુર્ણ કરવાના રહે છે. પરંતુ આરોપી પણ એક યા બીજી યુક્તિ પ્રયુક્તિ અજમાવી કોર્ટમાં હાજર નહી રહી કેસને ઇરાદાપુર્વક લંબાવી રાખેલ છે. હાલના કેસમાં પણ આરોપી તરફે વારંવાર મુદ્દતો લઇ ઇરાદાપુર્વક ટ્રાયલને વિલંબમાં રાખવાનો પ્રયત્ન કરેલ છે અને અંતે ફરીયાદીની ઉલટતપાસનો હક્ક બંધ કર્યા બાદ પણ હાજર રહેલ નથી. જે તમામ હકીકતોને ધ્યાને લેતાં જો આરોપીને ઓછી સજા કરવામાં આવે તો વ્યાપારીક આલમમાં તેમજ ધંધાકીય વ્યવસાયમાં જે લોકો ચેકનો ઉપયોગ કરે છે તેઓને ઓછી સજા થતી હોવાનું માની તેનો દુરપયોગ કરશે અને તેવા સંજોગોમાં કેસની હકીકત અને સંજોગોને ધ્યાન લેતા અને તમામ પાસાઓનો વિચાર કરતા નાણાંકીય વ્યવહારમાં દાખલો બેસે અને ઉપર જણાવ્યા મુજબ નાણાંકીય વ્યવહારમાં ચેકની વિશ્વસનીયતા જળવાઇ રહે તેને ધ્યાને રાખી બેલેન્સ જળવાઇ રહે તેવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ પણ સર થાય તેમ છે. જેથી નામદાર ગુજરાત હાઇકોર્ટના **શરદ જેઠાલાલ સાવલા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ, જી.એલ.આર.–૨૦૧૭ (૩), પેજ નં.૨૩૫૩ના** ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર આરોપીની ગેરહાજરીમાં નીચે મુજબનો મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

// હુ ક મ //

૧. આ કામના આરોપી રાજ ટ્રેડર્સના પ્રોપરાઈટર, રાજેશભાઈ નાથાભાઈ ચૌહાણ,

રહે. સાંઈ મંદીરવાળી શેરી, આકાશ ગંગા–૨, ૫૩/૨, મધુરમ (શાકભાજીવાળા), રહે. જુનાગઢ નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૫(૨) અન્વયે વટાઉ ખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ના ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭(૩) અન્વયે ફરીયાદીને ચેકની વળતરરૂપે ૧ (એક) માસમાં આરોપીએ ચુકવવી આપવા અને જો વળતરની રકમ ૧ (એક) માસમાં ફરીયાદીને ન ચૂકવે તો વધુ દિન–૧૫(પંદર)ની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપી સજા અંગેનો ચુકાદો સંભળાવતા સમયે ગેરહાજર રહેલ હોઇ, આરોપી વિરુધ્ધ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૧૮(૨) અન્વયે વોરંટ જારી કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર હુકમની યાદી તથા સજા વોરંટ કાઢી સબંધીત પોલીસ સ્ટેશન ના જવાબદાર પોલીસ અધિકારી મારફતે બજવણી અર્થે મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપી ચુકાદાના દિને કોર્ટમાં હાજર રહેલ ન હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩(૧)મુજબ ચુકાદાની નકલ મેળવવા હક્કદાર રહેતા ન હોય ચુકાદાની નકલ આરોપીએ સ્વખર્ચે લેવાની રહેશે.

૫. આરોપી ચાલુ કેસ દરમ્યાન કાચા કામના કેદી તરીકે કસ્ટડીમાં રહ્યા હોય તો તે સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તારીખઃ–૩૦, માહે– ડીસેમ્બર સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ-ધોરાજી.
તા.૩૦ /૧૨/૨૦૨૨

(પ્રવિણભાઈ જોઈતાભાઈ ચૌધરી)
એડીશ્નલ ચીફ જ્યુશ્યલ મેજીસ્ટ્રેટ,
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૦૬૬૧)